## આર્યુવેદિક પધ્ધતિથી સારવાર દ્વારા (નિઃશુલ્ક) કેન્સર, ટયુમર,કીડની, વિગેરે રોગો મટાડતી ભારતની એક માત્ર હોસ્પિટલ

આ હોસ્પીટલના વિશાળ પટાંગણ અને પરિસરમાં જ દર્દીઓને અપાતી આયુર્વેદીક દવાઓ છાણના ખાતરથી ઉછેરેલ વનસ્પતિઓમાંથી બનાવવામાં આવે છે. હોસ્પીટલને પોતાની ગૌશાળા છે. જેમાં ગાયોને અશ્વગંધા અને અન્ય પોષક દ્રવ્ય આપવામાં આવે છે. અને દૂધ તથા ઘીનો ઉપયોગ દર્દીઓના ખોરાકમાં કરવામાં આવે છે. હોસ્પીટલમાં આશરે ૧૦૦ દર્દીઓને સમાવી શકાય તેટલી ક્ષમતા છે. દર્દી સાથે તેમના કુટુંબની એક વ્યકિતએ સહાયક તરીકે દર્દીની સાથે રહેવું ફરજિયાત છે. એક ઓરડામાં બે દર્દી રખાય છે પરંતુ બાથરૂમ અલગ હોય છે.

દવાઓમાં ઉકાળા,ગોળીઓ વિ. ડોકટરનાં પ્રિસ્ક્રીપ્શન મુજબ અપાય છે. દવાઓ દરેક દર્દીની રૂમ પર અપાય છે. ઉકાળા માટે ઉકાળા રૂમ પર જવું પડે છે. આ રૂમ બે-ત્રણ મિનિટનાં અંતરે આવેલ હોય છે. નિત્યક્રમમાં સવારે ૮ થી ૯ દરમિયાન નાસ્તો અપાય છે. જેમાં દર્દીને ત્રણથી ચાર વખત દૂધ,જવની ખારી, રાબ તથા ત્યાં ઉગાડેલ શાકભાજીનો નાસ્તો જેવો કે મુઠિયા વિ. અપાય છે. દર્દી અને સહાયકનાં ભોજનગૃહ અલગ હોય છે. સવારનું જમણ ૧૧ થી ૧૨ વાગ્યે અને સાંજનું ભોજન ૪ ાા થી ૫ સુધીમાં હોય છે. હોસ્પીટલ જૈન સંચાલિત હોવાથી સાંજના પાંચ કે છ વાગ્યા પછી કંઈ મળતું નથી. દર્દીના રૂમમાં બહારથી કોઈપણ ખાદ્ય વસ્તુ લઈ જવાની મનાઈ છે. દર્દીને ચા, બિસ્કીટ વિ. ખાવાની મનાઈ છે. પરંતુ સહાયક તેમની કેન્ટીનમાંથી ૯ાા થી ૫ દરમિયાન ચા લઈ શકે છે. ભોજન, રહેવાનું તથા સારવાર નિશુલ્ક છે. સહાયકને જમવાનો રૂા. ૧ આપવાનો હોય છે. દર્દીને શરૂઆતમાં ૧૧ દિવસ રાખવમાં આવે છે. જરૂરિયાત મુજબ આ સમય લંબાવાય છે. દાખલ થતી વખતે રૂા ૫૧ દાખલ ફી તથા રૂા ૯૫૦ ડીપોઝીટ આપવાની હોય છે. ડિપોઝીટ પરત મળે છે.

દરરોજ સવારે પાંચ વાગ્યે ઉઠી સાડા પાંચ સુધીમાં બ્રશ કરી યોગ તથા નવકાર મંત્ર માટે પ્રાર્થના રૂમમાં દર્દીએ તથા સહાયકે જવું ફરજિયાત છે. યોગ વિશે માહિતી તથા યોગ કરવાની રીત શીખવાય છે. જે દર્દીએ ઘેર ગયા પછી ચાલુ રાખવાની હોય છે. બપોરે બે થી ત્રણ દરમિયાન બીજી સભા હોય છે. જેમા દર્દીઓને શું ખાવું અને શું ન ખાવું તથા અન્ય માહિતી, દર્દીઓના પ્રશ્નનું નિરાકરણ તથા આર્યુવેદિક સારવારથી અસાધ્ય રોગો કેવી રીતે મટે છે તેની માહિતી તથા કેસેટો દ્વારા જાણકારી અપાય છે. ત્રીજી સભામાં સાડા સાત થી સાડા આઠ સુધી ભજનનો કાર્યક્રમ હોય છે. આ ત્રણ સભાઓ રાખવાનું પ્રયોજન દર્દી સુષ્ત ન થઈ ઉત્સાહિત રહે તે છે. આ થકી મારા ૧૧ દિવસના રહેઠાણ દરમિયાન મેં ઘણા દર્દીઓને ચમત્કારીક રીતે સાજા થતા જોયા છે.

સંસ્થાનું નામ સરનામું આ પ્રમાણે છે...પ્રભવ હેમ કામધેનુ ગીરીવિહાર ટ્રસ્ટ,પાલીતાણા દ્વારા સંચાલિત શ્રી આર.એમ.ડી. આયુર્વેદીક કોલેજ એન્ડ હોસ્પીટલ, બાઘલઘરા, જી. વલસાડ દક્ષિણ ગુજરાત-૩૯૬૩૭૫ જે નેશનલ હાઈવે નં. ૮ ઉપર નવસારી અને વલસાડ વચ્ચે આવેલ છે. વલસાડથી ૧૮ કીમી દૂર છે. e mail : rmdhs@gmail.com - website : www.girivihar cancer hospital .org Ph. 02732-268080, 268081

વડોદરાના ડો. શ્રી રાજેન્દ્ર હાથી દ્વારા આ સંસ્થા વિષે સંક્ષિપ્ત માહીતી ડીસેમ્બર ૨૦૧૧માં કલમ કડછી બરછીમાં પ્રસ્તુત થયેલ. મેં ( રમેશ બી માંકડ, ૨૨૪ સ્વાતંત્ર સેનાનીનગર, સુભાનપુરા,વડોદરા- ૨૩) તેમનો પ્રતિભાવ જાણી આ હોસ્પીટલમાં ૨૮ જાન્યુ. ૨૦૧૨ થી ૭ ફેબ્રુઆરી ૨૦૧૨ દરમિયાન સારવાર લીધેલ. તેથી જ્ઞાતિ લાભાર્થે મારો જાત અનુભવ જ્ઞાતિજનો સમક્ષ રજુ કર્યો છે.

ઈશ્વરે આપેલી મહામૂલી જીંદગી પ્રત્યે બેદરકારી શા માટે ? તન મનથી સ્વસ્થ તો જીવન જીવવાની મજા...તન મનથી સ્વસ્થ અને નિરોગી રહેવા માટે લો...**નેચરામોર.**

## આ નેચરામોર શું છે ?....

આ એક સોયાપ્રોટીન, આઈસોલેટ એલોવીરા એકસ્ટ્રેટ, ઓમેગા ૩ ડીએચએ અને બધાં મળીને કુલ ૨૦ જેટલાં વનસ્પતિજન્ય તત્વો– ગાયત્રી બાયોઓર્ગેનિકસ – કસોલી રોડ (પરવાનું) હિમાચલ પ્રદેશ દ્વારા સંશોધન કરાયેલ જી.એમ.પી. દ્વારા પ્રમાણિત કરાયેલ હેલ્થફૂડ છે. જે 'ટોપ ટુ બોટમ' શરીરમાંના ખરાબ દ્રવ્યોને બહાર કાઢી હઠીલા દર્દો માટે અકસીર છે. આ ઉપરાંત બ્યુટીકેર માટે પણ છે...

એક વાર વાપરી અનુભવ કરી ખાત્રી કરો.

વધુ માહિતી માટે લોગઈન કરો... www.netsurfnetwork.com

**અનુભવીઓની CD જોવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો...**

**રાજકોટ : બાલેન્દુ યુ. મહેતા ફોન નં. ૯૪૨૮૨ ૯૯૭૦૧ / ૭૬૦૦૬ ૦૨૨૭૨**
**જામનગર : નૈષધ એચ. વસાવડા મો. નં ૯૪૨૮૩૧૯૯૧૦**
**ગાંધીનગર : હેમાંશુ એન. ભચેચ મો. નં ૯૯૯૮૫ ૧૮૧૮૫**

# –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**સંચાલક : મમતા ઢેબર – ફોન : ૦૨૮૧ ૨૫૭૦૬૮૧(મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬**
**સમય : ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭ ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**ઉચ્ચ હોદા ઉપર નોકરી કરતી કન્યાની વિગત :**

(૧) સપ્ટે. ૮૬ એમસીએ. બેંગલોર સ્થિત ઉંચાઈ ૫'.૪"
(૨) ફેબ્રુ. ૮૬ એમ.એ.(ઇકો.) સૌરાષ્ટ્ર સ્થિત – ઉંચાઈ ૫'.૪"
(૩) નવે. ૮૭ એમ.કોમ.,એમ.એડ., સૌરાષ્ટ્ર સ્થિત – ઉંચાઈ ૫'.૩"
(૪) માર્ચ ૮૭ બી.કોમ. એમ.બી.એ.(એચ.આર) સધ્ધર કુટુંબ મુંબઈ સ્થિત ઉંચાઈ ૫'.૪"
(૫) ફેબ્રુ. ૮૨ એમ.એસ.(આઇટી) એમએનસીમાં નોકરી, ગુજરાત સ્થિત, ઉંચાઈ ૫'.૪"
(સગપણ તૂટેલ છે)(૬) નવે. ૭૯ બી.એસ.સી., ડીએમએલટી, ડી.ફાર્મ. સૌરાષ્ટ્ર સ્થિત ઉંચાઈ ૫'.૩"
(૭) ઓગષ્ટ ૮૬ માસ્ટર ડીગ્રી, ગ્રીન કાર્ડ ધરાવતી કન્યાને કેનેડા કે અમેરીકા સ્થિત યુવક.

**યુવકોની યાદી :** (૧) ઓકટો. ૮૬ બીબીએ., એમબીએ. કંપનીમાં ડાયરેકટર, સમૃધ્ધ, સંસ્કારી પરિવાર ઉં. ૫'.૬" (અમદાવાદ સ્થિત) (૨) મે ૮૭ બી.ફાર્મ (પૂના) એમબીએ. (સીંગાપુર)મંગળ અમદાવાદ સ્થિત ઉં. ૫'. ૯" (૩) ઓકટો. ૮૫ એમ.કોમ.,એમબીએ.,અમેરીકા ખાતે વેલસેટલ્ડ (૪) જૂન ૮૬ ડોકટર ઓફ ફાર્મસી ગ્રીનકાર્ડ ધરાવતા યુવકને ભારતની કે પરદેશની કન્યા.

## એમ.બી.બી.એસ. પા. ૧માં યુનિ.માં બીજાં કુ. તોષા દેસાઈ



જામનગરનાં કુ. તોષા જે. દેસાઈ (ડો જતીન દેસાઈ તથા ડો. નંદીની દેસાઈ (એડી. ડીન એમ.પી. શાહ મેડીકલ કોલેજ)નાં પુત્રી તથા શ્રી કાન્તીલાલ દેસાઈના પૌત્રી અને શ્રી ભરતભાઈ છાયાના દોહિત્રી) એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફાઈનલ એમ.બી.બી.એસ. પાર્ટ-૧ માં ૭૪% સાથે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

## કુ. શૈલી ઓઝા ડિબેટમાં પ્રથમ વિજેતા



સ્થાનિક ગાંધી મહિલા કોલેજમાં મેનેજમેન્ટ સ્ટડીઝ સ્નાતકનાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં કુ. શૈલી દિપકભાઈ ઓઝા, તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિતે, શહેરના પ્રસિધ્ધ અખબાર સૌરાષ્ટ્ર સમાચાર તથા 'સંસ્કૃતા' સંસ્થાના સંયુકત ઉપક્રમે યોજાયેલ ડિબેટ સ્પર્ધામાં વિજયી બની જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.' ટી.વી. સિરિયલોની કુટુંબજીવન પર થતી અસરો' વિષય ઉપર હકારાત્મક દ્રષ્ટિકોણ સાથે સચોટ અને અસરકારક ચર્ચા રજૂ કરી હતી. આ ઉપરાંત એસ.એન.ડી.ટી. વીમેન્સ યુનિવર્સિટીના ઉપક્રમે મુંબઈ ખાતે જાન્યુ. ૨૦૧૨ દરમ્યાન રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલ 'તેજસ્વીની'-૨૦૧૨ અંતર્ગત ભાવનગરની કોલેજ વતી તેણીએ પ્રતિનિધિત્વ કરીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

## કુ. ધ્વનિ વૈશ્નવ જીપીએસસી.માં ઉત્તીર્ણ



જામનગરના શ્રી નિતીનભાઈ અને સ્મિતાબેન વૈષ્ણવનાં પુત્રી કુ. ધ્વનિ વૈષ્ણવ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં ઉતીર્ણ થઈ શ્રી શાંતિલાલ શાહ એન્જિનીયરીંગ કોલેજ, ભાવનગર ખાતે પૂર્ણ સમયના વ્યાખ્યાતા (કલાસ-ટુ ગેઝેટેડ ઓફિસર) તરીકે નિમાયાં. અભિનંદન.

## પલ્લવ દેસાઈ બી. ઈ. થયા



જામનગરના પલ્લવ દેસાઈ (નિશીથ તથા દેવલના પુત્ર અને શ્રી અશ્વિનીભાઈ-પ્રમોદીનીબેન વસાવડાના પૌત્ર તથા સ્વ. હિમાંશુભાઈ-સ્વ. જયોતિબેન બક્ષીના દોહિત્ર) વર્ષ ૨૦૧૧ માં આત્મિય ઈન્સ્ટીટયુટ રાજકોટથી બી.ઇ. (આઇસી) માં ડીસ્ટીકશન સાથે ઉર્તીણ થઈ રીલાયન્સ જામનગર ખાતે ડીઝાઈન વિભાગમાં જોડાયા.

## શ્રેષ્ઠતા બદલ એવોર્ડ મેળવતા કલ્પેશ અવાશિયા



જૂનાગઢ ખાતે કેમ્બ્રીજ યુનિવર્સિટીના સંયોજનથી શ્રી કલ્પેશ અવાશિયાના સંચાલન હેઠળ એમ.એમ. ઘોડાસરા, ડો. સુભાષ મહિલા કોલેજ, તથા બહાઉદીન આર્ટસ કોલેજ ખાતે છેલ્લાં ચાર વર્ષથી 'સ્કોપ'ના વર્ગો ચાલી રહયા છે. તેઓને આ કેન્દ્રોના શ્રેષ્ઠ સંચાલન બદલ 'બેસ્ટ ટ્રેઈનીંગ સેન્ટર અને બેસ્ટ કોઓર્ડીનેટર' નો તાજેતરમાં અમદાવાદ ખાતે ઉચ્ચ શિક્ષણ નિયામક શ્રીમતી જયંતિ રવિના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. સ્કોપના આ વર્ગોમાં ટયુટર તરીકે શ્રી મયુર દેસાઈ છે. એ વિદિત છે કે ગુજરાત સરકાર દ્વારા વ્યવહારની ભાષા તરીકે અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા 'સ્કોપ'ના વર્ગો ચલાવવામાં આવે છે. યુવા વર્ગ, શાળા કોલેજના સંચાલકો આ વર્ગમાં જોડાવા ઉપરોકત કેન્દ્રો ઉપર સંપર્ક કરી શકે છે.

# ઈષ્ટદેવના પ્રાગટ્યોત્સવની ગામેગામ થયેલી ઊજવણી

**બેંગલોર :** અત્રેના નાગર મંડળ દ્વારા તા. ૧/૪ના રોજ પાટોત્સવ નિમિત્તે ટાટા શેરવુડ કલબ હાઉસ ખાતે ૯૦ જેટલા જ્ઞાતિબંધુઓ એકત્ર થયેલ. સૌ પ્રથમ હાટકેશ સ્તુતિના પઠન બાદ સૌએ પોતાનો પરિચય આપ્યો બાદ, બાળકો માટે કવીઝ યોજ્યા બાદ ૬૦ જેટલા પરિવારની માહિતી વિતરણ કરવામાં આવેલ. અંતમાં 'શીખંડ,પુરી, કોર્ન પનીર સબ્જી, ઢોકલાં, કરી રાઈસ' જેવી વાનગીઓ આરોગી સૌ છૂટાં પડેલ.

**ભુજ :** તા ૫-૪ ના રોજ પરંપરાને વરેલા શહેર ભુજ ખાતે ભકિતભાવપૂર્ણ રીતે દાદાના પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સુશોભિત હાટકેશ મંદિરમાં પ્રાતઃ આરતી બાદ મંડળના ટ્રસ્ટી શ્રીમતી મંદાબેન પટણી અને રશ્મિકાન્ત પટણીના યજમાનપદે લઘુરૂદ્ર યોજાયેલ. ૯ઃ૩૦ વાગ્યે નીકળેલ શોભાયાત્રાનું મુખ્ય રસ્તાઓ ઉપર અનેક જ્ઞાતિમંડળો દ્વારા સ્વાગત-પૂજન કરવામાં આવતું હતું. વચ્ચે કેન્ડી,દુધ કોલ્ડડ્રીકસ થી જ્ઞાતિજનોનું સ્વાગત કરાયેલ. ૧૨ઃ૩૦ કલાકે સૂર-તાલબધ્ધ આરતી કરવામાં આવેલ. સાંજે ૭ વાગ્યે હાટકેશ કોમ્પ્લેક્ષ ખાતે શીખંડપુરીનું જમણ સૌએ માણ્યું હતું.( દાયકાઓ પછી ચાલુ સાલે લાડુ - મોહનથાળનું સ્થાન શીખંડ પુરીએ લીધું. ભુજના મોહનથાળનું નામ પડતા અમારા જેવા ૫૦થી વધુ ઉંમરના ઘણા બંધુઓના મોઢામાં પાણી આવતાં પણ બંધ થશે. છપાશે નહીં તેથી વાંચવા કે સાંભળવા પણ નહી મળે ! ખેર...પરિવર્તન !) સંપૂર્ણ આયોજન, સંચાલન મંડળના પ્રમુખશ્રી અતુલભાઈ મહેતા તથા ઉર્વીશ હાથી એ સંભાળેલ જેમાં ટ્રસ્ટીમંડળનો સહયોગ પણ રહયો હતો.

**ભાવનગર :** ગોધા હાટકેશ્વર મહાદેવ ફંડ, ભાવનગરના ઉપક્રમે ધાર્મિક અને ઉલ્લસાપૂર્ણ વાતાવરણમા શ્રી હાટકેશ્વર મહાદેવ પાટોત્સવની ઉજવણી ત ૫-૪-૨૦૧૨ રોજ કરવામાં આવી બપોરના ૪ કલાકે હાટકેશ્વર મહાદેવ મંદિરમાં ભા'ના ડેલા ખાતે યજમાન શ્રી (૧) શશાંકભાઈ સૂર્યકાન્તભાઈ ઓઝા(૨) શ્રી કીર્તિકાન્તભાઈ પ્રિયકાન્તભાઈ મહેતા અને (૩) શ્રી દિવ્યાંગભાઈ ટી. ઓઝાના યજમાનપદે મહિપતભાઈ જોશીના આચાર્યપદે લઘુરૂદ્ર પૂજન કરવામાં આવેલ. ભજન, મંત્રોચ્ચાર, સ્તોત્ર પઠનના કાર્યક્રમો સંપન્ન થયા બાદ સાંજના ૭ થી ૧૦ શ્રી હરીનગર નિવાસ ખાતે સમૂહ ભોજનનો પ્રબંધ કરવામાં આવેલ. અત્યંત સુચારૂ એવાં આ આયોજનમાં ૬૦૦ થી વધારે જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ શ્રીખંડ પુરી લાઈવ ઢોકળાના ભોજનનો આનંદ માણ્યો. આ બંન્ને કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટી, પ્રમુખ, મંત્રીઓની આગેવાની હેઠળ કારોબારીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

**રાજકોટ :** પાટોત્સવ નિમિત્તે તા. ૫-૪-૧૧ના રોજ સવારે ૯ થી ૧૨ હાટકેશ્વર ખાતે હાટકેશ્વર સંસ્થાના ઉપક્રમે શ્રી ભરતભાઈ આચાર્યના આચાર્ય પદે સમૂહ લઘુરૂદ્રી પૂજનનું આયોજન કરવામાં આવેલ.

શ્રી હાટકેશ્વર સંસ્થા દ્વારા પંચનાથ મંદિર ખાતે સાંજે ૫ થી ૫ઃ૩૦ દરમ્યાન શિવસ્તોત્ર પાઠ બાદ સાંજે ૬ વાગ્યે પૂજનઅર્ચન બાદ ફૂલોથી સુશોભિત પાલખીમાં બીરાજેલ ઈષ્ટદેવ હાટકેશદાદાની રવાડીનું પંચનાથ મંદિરેથી પ્રસ્થાન થયેલ. છેલ્લાં બે ત્રણ વર્ષ કરતાં ઓછી સંખ્યા અને ઓછા મુગટાધારીઓ હતા. જ્યારે બહેનોની વધુ હાજરી જોવા મળી. પ્રતિ વર્ષ મુજબ શ્રી પ્રદ્યુમ્નભાઇ માંકડ તથા પંચનાથ મહાદેવ ટ્રસ્ટ તરફથી શીતળ દૂધથી જ્યારે રૈયાનાકા ટાવર પાસે બાલગોપાલ તપકીર વાળા ભાયાણી પરિવાર દ્વારા ૪૧ વર્ષની પરંપરા મુજબ વરીયાળીના સરબતથી સૌનું સ્વાગત કરી

સીલસીલો જાળવી રાખેલ.

બેન્ડની સૂરાવલિ અને વિવિધ નારાઓ, બહેનોની ધૂન સાથે બજારમાં દાદાની પાલખીનું નગરજનોએ પૂજન કરતાં કરતાં શોભાયાત્રા હાટકેશ મંદિરે પહોંચતાં દાદાને પોંખી સ્વાગત બાદ ૭:૩૦ વાગ્યે થયેલ પૂજારી દ્વારા ઢોલ નગારાના નાદ સાથે આરતી થયેલ. અંતમાં પ્રસાદ વિતરણ થયા બાદ સૌ વિખરાયેલ.

શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ દ્વારા શ્રી નાગર બોર્ડીંગ ખાતે સાંજે ૮ થી ૧૦ વાગ્યા સુધીમાં ૫૫૦ જેટલા જ્ઞાતિજનોએ શીખંડ પુરી,ઢોકળાંનું ભોજન લીધેલ. આ વર્ષે વ્યકિતદીઠ રૂા. ૧૦૦ નિયત કરવામાં આવ્યા હતા. જાહેર કરવામાં આવેલ હિસાબમાં રૂા. ૭૯૦૦ની પૂરાંત બતાવવામાં આવી. શ્રી મધુકરભાઇ-મનહરભાઇ વૈશ્નવ, સુરેશભાઇ છાયા, કૌશિકભાઇ પોટા, વિભાકર અંજારીયા, નૈષધ ધોળકિયા, શ્રી તરૂણભાઇ વૈશ્નવ, ચેતન છાયા જેવા વડીલો અને કાર્યકરોએ આ આયોજનનો કાર્યભાર સંભાળ્યો હતો.

(ઘણા વર્ષથી પાટોત્સવ સમિતિ દ્વારા હિસાબ જાહેર કરવામાં આવે છે જે સારી બાબત છે પરંતુ દર વર્ષે હિસાબમાં પૂરાંત બતાવવામાં આવે છે છતાં સ્વૈચ્છિક અનુદાનથી યોજાતાં સમૂહ ભોજનને બદલે આ વર્ષે વળી વ્યકિતદીઠ રકમ નિયત કરવામાં આવી તેનું કારણ કોઈને સમજાયું નહીં. ગત બે ત્રણ વર્ષની સંખ્યા પ્રમાણે ૫૦% ઓછા બંધુઓ જોડાયા...જેમાં ૧૦% સાચા કારણસર...નાગરો મુત્સદી હોય તેમ કહેવાય છે તેથી આપણી વિરોધ કરવાની રીત પણ મુત્સદી હોય ને ?..

પ્રતિ વર્ષ ખર્ચ વધી રહેલ છે તે સૌ જાણે જ છે પરંતુ જ્યારે પૂરાંત વધે છે અને જાહેર કરાય છે ત્યારે ગત વર્ષોના ભંડોળનો ઉપયોગ આ વર્ષના ખર્ચમાં કરી ભોજનના વ્યકિતદીઠ ૧૦૦ રૂા. ને બદલે ઓછી રકમ નિયત ન કરી શકાત ? પૂરાંત ભંડોળનો ઉપયોગ ભુજ, જૂનાગઢની જેમ માત્ર પાટોત્સવ આયોજન માટે જ કરવામાં આવે તો ? આજે પણ દાતાઓ 'નાત' માટે અનુદાન આપતા હોય છે ત્યારે બીજે કરવો યોગ્ય ખરો ? ગત વર્ષે મળેલ /કરેલ અન્ય સૂચનોનો પણ અમલ કરી શકાયો હોત. સવાલ મફતનો નથી...કોઈ નાગર માટે ન હોય. સવાલ નીતિ રીતિનો, ન સામેલ થઈ શકે તેમ હોય તેને પણ સામેલ કરી વધુમાં વધુ જ્ઞાતિજનોને જોડવાનો છે.

આયોજનના સમાચારને પ્રસિધ્ધિ આપવાથી સમજી શકાશે કે અંગત કોઈ માટે દ્વેષભાવ કે વ્યકિતગત વિરોધ પ્રેરિત નથી તેમ કોઈ જ સ્વાર્થ નથી પરંતુ જેમ સાચા સારાંની કદર કે પ્રોત્સાહનની કલમમાં લોભ નથી કરવામાં આવતો તેમ 'બરછી' દરેક વર્ગનું પ્રતિનિધીત્વ કરે છે ત્યારે તેના હિતાર્થ માટે તેજ ધારદાર કલમ પણ ચલાવવાની પણ મુ. શાંતિભાઈના સમયની બરછીની નીતિ અમે જાળવી રાખેલ છે જે પત્રકારની ફરજ પણ છે !

આજે હજુ દાતા અને દાતારી ભાવના છે ત્યાં સુધી દરેક વર્ગ-વિભાગને ધ્યાનમાં રાખી ઈચ્છાશકિત સાથે 'સમસ્ત'ની સમજ કેળવી વિચારીએ...(આ વાત કોઈપણ શહેરમાં જ્ઞાતિજનોના આર્થિક યોગદાનથી થતાં આવાં આયોજન કે અન્ય કોઈપણ પ્રકારના કાર્યક્રમો માટે પણ લાગુ પડે છે.) અમે તો બંદૂક ફોડવા ખભો આપ્યો છે બાકી સંસ્થાઓ અને જ્ઞાતિજનો ઉપર છોડીએ ! આશા છે સકારાત્મક વિચારમંથન કરવામાં આવશે..-તંત્રી)

**જૂનાગઢ :** આ શહેર ઉત્સવો પ્રસંગોમા પરંપરા અને જ્ઞાતિભાવનાને વરેલું શહેર છે. પાટોત્સવમાં આગવી વિશેષતાઓ જળવાઈ રહેલ છે. જેમકે સવારે રવાડી, સાફા, મુગટા, લાલ સાડી,અને આજે પણ ભોજન ખર્ચ કોઈ એક વ્યકિત ઉપાડવા તૈયાર અને તત્પર હોય. ટૂંકમાં હજુ ભાવ છે તેથી ઉત્સાહ હોય ! જે પેઢી દર પેઢીના સંસ્કાર હોય છે...તેમ માનીએ છીએ. આ ભાવ સાથે તા ૫-૪ ના રોજ આ પરંપરાગત રીતે પાટોત્સવ ઉજવાઈ ગયો. સવારે ૭ વાગ્યે ઉલ્લાસમય વાતાવરણમાં રવાડી માઢ સ્ટ્રીટ , અંબાઈ ફળિયા, વડફળિયા, માંગનાથ રોડ,અનંત ધર્માલય થઈ હાટકેશ મંદિરે સંપન્ન થઈ. ઠેર ઠેર પૂજન અર્ચન

તથા ઠંડા પીણાથી સ્વાગત કરવામાં આવેલ. વિવિધરંગી અબોટીયાં અને સાફામાં સજજ ૨૫ જેટલા નવયુવકોએ દાદાની પાલખી ઉપાડી શોભાયમાન થતા હતા. તો બહેનો વિવિધરંગી સાડી અને ડ્રેસથી શોભતાં હતાં. સવારે ૯ વાગ્યે લઘુરૂદ્ર યોજાયેલ. સાંજે શિવસ્તોત્ર તથા દાતાઓનું અભિવાદન કરવામાં આવેલ.

સાંજે ૭ વાગ્યે પાટોત્સવ સમિતિના પ્રમુખશ્રી નીરજભાઈ વૈદ્ય અને ચુનંદા સ્વયંસેવકો દ્વારા શિસ્ત અને આયોજનબધ્ધ રીતે સમૂહ ભોજન જમણવારનું આયોજન થયું હતું. જેમાં સૌએ આનંદભેર શીખંડ પુરી બટેટાંવડાંનો રસાસ્વાદ લીધો હતો. આ વર્ષનો તમામ ખર્ચ ગં. સ્વ. પ્રમોદબાળબહેન નવનીતરાય નાણાવટીના પુત્રો,પરિવારોએ ભોગવી રૂા ૭૫ હજાર જેટલી માતબર રકમ આપી ઉદાત જ્ઞાતિભાવના બતાવી. જયારે ગત વર્ષે આ ખર્ચ ભોગવનાર કુ. જાગૃતિબેન સી. ખારોડે આ વર્ષે પાટોત્સવની પૂર્વ સંધ્યાએ ભજનસંધ્યા સાથે અલ્પાહારનો ખર્ચ ઉપાડી ઉદારતા બતાવી.આવી દાતારી ધન્યવાદને પાત્ર અને અન્યો માટે પ્રેરક છે. નોંધ લેવી ઘટે કે પાટોત્સવ સમિતિનું રૂા. ૧૨ લાખ જેવું ભંડોળ છે અને ૨૦૧૫ સુધી યજમાન બનવા માટેનું બુકીંગ થઈ ગયેલ છે. જ્ઞાતિ અને કાર્યકરોને સલામ.

**જામખંભાળિયા :** તા ૫-૪-૧૨ના રોજ પરંપરાગત રીતે પાટોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. પ્રતિ વર્ષે કોઈ એક જ્ઞાતિજન યજમાન તરીકે આગળ આવી પાટોત્સવનો સંપૂર્ણ ખર્ચ ભોગવે છે. આ વર્ષની ઉજવણીના યજમાન હતા...શ્રી પ્રભાકરભાઈ માંકડ. સવારે ૯ થી ૧૨ દરમિયાન શ્રી હાટકેશ્વર મંદિરમાં લઘુરૂદ્ર યોજાયો હતો. દર્શને આવનાર સૌનું આઈસક્રીમથી સ્વાગત કરવામાં આવ્યું,. ફુલ, પૂજા, રોશનીથી ઝળહળાટ મંદિરની તાલબધ્ધ આરતીમાં જ્ઞાતિજનો ઉત્સાહભેર સામેલ થયેલ. સાંજે પાટલાપંગતમાં યજમાન પ્રભાકરભાઈ તરફથી કરણશાહી લાડુ ,દુધી-પાઈનેપલના હલવા સાથેની વાનગીના પ્રસાદ ભોજનથી નાગરો તૃપ્ત થયા હતા. ઘણાએ સ્વેચ્છાએ અબોટિયા પણ ધારણ કર્યા હતાં. અંતમાં દર વર્ષ મુજબ રોહીણીબેન ઓઝા તરફથી પાનના બીડા લઈ સૌ વીખરાયેલ. નામી અનામી કાર્યકરોની જહેમતથી પર્વ ઉત્સાહભેર ઉજવાયું હતું.

**પોરબંદર :** તા. ૫/૪ ના રોજ પાટોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. આ વર્ષે પોરબંદરના ગાંધીધામ સ્થિત શ્રી શૈલેષભાઈ કેસરીપ્રસાદ વસાવડા (ભૂતપુર્વ બરછી પ્રતિનિધી) તથા શ્રીમતી મંજરીબેન વસાવડાના સૌજન્યથી હાટકેશ જયંતીની ઉજવણી કરવામાં આવેલ. સૌ પ્રથમ હાટકેશ્વર ખાતે ઓજસભાઈ તથા શ્રીમતી પૂજાબેન (પ્રેમા) વસાવડાના યજમાનપદે રુદ્રી તથા આરતી કરવામાં આવેલ. આ અવસરે ઉમાકાન્તભાઈ કે. વસાવડા તથા શ્રીમતી ભારતીબેન વસાવડા કોલ્હાપુરથી ખાસ ઉપસિથત રહેલ. અંતમાં વસાવડા પરિવાર તરફથી જ્ઞાથિજનોએ શીખંડપુરી આરોગેલ. આ સૌજન્ય બદલ સમસ્ત જ્ઞાતિ વતી સમગ્ર પરિવારનું સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. હતું.

**સુરેન્દ્રનગર :** અત્રે શ્રી હાટકેશ નાગર મંડળ દ્વારા પાટોત્સવ નિમિતે તા. ૫-૪ ના રોજ હાટકેશ્વર મંદિરમાં રૂદ્રી તથા સાંજના દીપમાળા,આરતી કરવામાં આવ્યાં. તા. ૮/૪ નારોજ સર્વોદય હોલ ખાતે અહીં વસતા ૩૦ નાગર કુટુંબોનું સમૂહભોજન યોજવામાં આવેલ. નવરાત્રી બેઠા ગરબા, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો વગેરે જેવી પ્રવૃત્તિઓ થાય છે. શ્રી રાહુલ વૈદ્ય તથા અન્ય કાર્યકરોની જહેમતથી જ્ઞાતિજનો હોંશભેર ભાગ લે છે.

(તા. ૧૪/૪ સુધીમાં મળેલ પાટોત્સવ/અન્ય સમાચારોને સ્થાન આપેલ છે...બાકીના આવતા અંકમાં..તંત્રી.)

## અનંતના યાત્રીઓ :



જૂનાગઢનાં સ્વ. **શ્રી મહાશ્વેતાબેન વૈદ્ય**ને જાણે કે અગમનાં એંધાણ મળી ગયાં હોય તેમ ત્રણેક માસ પહેલાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં હીરક મહોત્સવ ઉજવી તાજેતરમાં ફાની દુનિયાને અલવિદા કરી. બરછીના જાન્યુઆરી માસના અંકમાં ખાસ તેઓના સમાજ અને જ્ઞાતિ પ્રત્યેના અનન્ય પ્રદાનની સૌને પ્રેરણાર્થે વિસ્તૃત નોંધ લીધી તે જાણે કે વિધિએ અંતિમ બનાવી. તેઓએ રાષ્ટ્રીય કક્ષાએ છેવાડાના માનવી વિશેષ મહિલા ઉત્થાન માટેનાં અનેક સેવાકાર્યો તેમણે કરી બતાવ્યાં અને અનેક માન સન્માનો મેળવ્યાં હતાં.તેઓના આ કાર્યો અને મૂલ્યો ચિરંજીવ રહેશે. તેઓની અંતિમ યાત્રામાં રાષ્ટ્રીય કક્ષાના અનેક અગ્રણી મહિલા કાર્યકરોએ હાજર રહી અરથીને કાંધ આપી ઋણ ચૂકવેલ. મુ. મહાશ્વેતાબેને જ્ઞાતિ ઉત્કર્ષ માટે પણ અ. ભા. ના. પરિષદ તથા અન્ય સંસ્થાઓમાં પણ તન,મન,ધનથી યોગદાન આપેલ તો સ્વૈચ્છીક અનુદાનથી પાટોત્સવ પ્રસાદ ભોજન યોજાય તે માટે પોતાનાથી જ અનુદાનની શરૂઆત કરી હતી. જે પ્રયોગ સફળ બની રહેલ અને આજે આ પ્રથા વર્ષોથી ચાલુ છે.

આવાં સેવારત, દાનવીર મહાશ્વેતાબેનની સમાજ અને જ્ઞાતિને ખોટ સાલશે જ. તેઓના આત્માની શાંતિ પ્રાર્થીએ.



રાજકોટનાં **અ. સૌ. હર્ષાબેન પ્રદીપભાઈ બક્ષી**નું લાંબી બિમારી બાદ તા. ૧૮/૩ના રોજ દેહાવસાન થતાં એક આદર્શ દંપતીની જોડી ખંડિત થઈ. સગાં સ્નેહીઓ, કુટુંબ માટે સમર્પણ અને ત્યાગ દ્વારા જીવનને આજીવન સુવાસિત રાખનાર પ્રેમાળ હર્ષાબેને કર્મ, આચાર વિચાર, કથની-કરણી દ્વારા જાણે કે ભગવદ્ ગીતાના સારને જીવનમાં ઉતારી દીધેલ. એક સમયે કોમ્પ્યુટરનું જ્યારે અસ્તિત્વ ન હતું ત્યારે 'બરછી'ના ગ્રાહકોના સરનામા કરવાની નિસ્વાર્થ અવિરત સેવા આપી હતી.આવા આત્માને સદ્ગતિ જ હોય !

જનકરાય ધનશંકર ઢેબર - ૮૪ વર્ષ - રાજકોટ ખાતે. જનકરાય પ્રતાપશંકર દેસાઈ - ૮૨ વર્ષ - સિકકા ખાતે. અનિલાબેન રાજેન્દ્રરાય નાણાવટી -૯૪ વર્ષ - વડોદરા. શ્રીમતી ઉદયલતાબેન સુમનલાલ દેસાઈ - ૮૬ વર્ષ. શ્રીમતી પ્રસન્નબેન કાંતિરાય અવાશીયા અમદાવાદ ખાતે. અરવિંદભાઈ પુંડરીકરાય માંકડ - ૭૪ વર્ષ - જૂનાગઢ ખાતે. કુમુદબાળા કાંતિલાલ દેસાઈ -૮૨ વર્ષ - ગોંડલ ખાતે. ગં. સ્વ. સર્યુદાબેન મધુભાઈ મંકોડી જામનગર ખાતે.મનવંતરાય મગનલાલ બુચ - ૮૬ વર્ષ - મુંબઈ ખાતે. અમદાવાદ ખાતે. લીલાવંતીબેન ડાકોરપ્રસાદ ધોળીકયા - ૮૫ વર્ષ - રાજકોટ ખાતે. - બટુકભાઈ વી. વોરા - ૬૮ વર્ષ - ભુજ ખાતે. ભુજના શિરીષભાઈ પટ્ટણી - ૭૮ વર્ષ - મુંબઈ ખાતે. શૈલેન્દ્રરાય પ્રતાપરાય હાથી - ૬૪ વર્ષ - ગાંધીધામ ખાતે. ભકિતબેન એમ. વોરા - ૭૫ વર્ષ- ગાંધીધામ ખાતે.હિરેનભાઈ બી. વૈશ્નવ - ૭૩ વર્ષ - ભુજ ખાતે. - યોગેશભાઈ જનકપ્રસાદ બક્ષી -૬૩ વર્ષ જામનગર ખાતે. - રજનીકાન્તભાઈ (રામભાઈ) ત્રંબકલાલ માંકડ -૮૨ વર્ષ -જામનગર ખાતે. - જનાર્દનભાઈ પ્રતાપરાય છાંયા -૭૭ વર્ષ - જુનાગઢ ખાતે. - શ્રીમતી સૌભાગીનીબહેન કપિલરાય હાથી- ૭૬ વર્ષ -રાજકોટ ખાતે. - શ્રીમતી કોકીલાબેન નિરંજનરાય ઓઝા રાજકોટ ખાતે. - શ્રીમતી જશવિધાબેન પુષ્કરરાય વસાવડા- ૯૨ વર્ષ- અમદાવાદ ખાતે. - પ્રિયવંદાબેન અજીતરાય બુચ -૯૯ વર્ષ - અમદાવાદ ખાતે. - મિલાપરાય મુકુન્દરાય નાણાવટી(કુતિયાણાવાળા)નું અમેરીકા ખાતે. - શ્રીમતી ઉષાબેન કનકરાય નાણાવટીનું જુનાગઢ ખાતે અવસાન.

# ●●● : સમાચાર સંચય : ●●●

● **જામનગર :** હિતેષ અશોકરાય પોટાના પુત્ર અભય પોટા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ૬૪% સાથે ઉત્તીર્ણ થઈ ડોક્ટર થયા.

● વિશ્વ મહિલા દિન ઉજવણી અંતર્ગત 'વિશિષ્ટ નારી સન્માન' સમારોહ માધવાણી હોલ ખાતે યોજાયેલ. જેમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવામાં જામનગર અને જામનગર જીલ્લામાં સેવા આપી રહેલ ૧૦ મહિલાઓના આ સન્માન સમારંભના સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોજેક્ટ ડાયરેક્ટર સોનલ મનોજ નાણાવટી એ કર્યુ.

● શ્રી વીરેન્દ્ર આઈ. માંકડ તથા શ્રીમતિ ઉષાબેન વી. માંકડ નેપાલના પ્રવાસે જઈ આવ્યા.

● શ્રી જામનગર વ. ના. જ્ઞાતિ તરફથી તા. ૧-૪-૨૦૧૨ ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૪૧ ભાઈબ્હેનોએ રકતદાન કરેલ દરેકને નરસિંહ મહેતાના ફોટાવાળા પંચધાતુનો સિકકો આપવામાં આવેલ. આ સંસ્થા તરફથી તા. ૫/૫ના રોજ ઈન્ડોર ગેમ્સ, યાદશકિત, બાળ સ્વાસ્થ્ય જેવી સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે. વધુ માહિતી શ્રી હાટકેશ હોલ ખાતેથી મેળવી શકાશે.

● તા. ૫/૪ ના રોજ પાટોત્સવ નિમિતે શોભાયાત્રા તથા મહાઆરતી બાદ મહાપ્રસાદનું સ્વૈચ્છિક ફાળાથી આયોજન થયેલ જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ.

● શ્રી મહિલા મંડળની મીટીંગમાં નેટવાળી સાડી, રાંધેલા ભાતમાથી બનાવેલ વાનગી તથા સાસરે જતી દીકરીને 'મા' ના આર્શીવાદ વિશેની વકતૃત્વ સ્પર્ધા યોજેલ. વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યાં.

● અત્રે માંકડ કુટુંબના કુળદેવી મા જવાળામુખી માતાજીના મંદિરમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન સુદ ત્રીજના રોજ માંકડ કુટુંબના બેઠા ગરબા રાખવામાં આવ્યા હતા. બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

● ડો. દિનુભાઈ માંકડ તરીફથી માતાજીના મંદિરમાં ૩ નંગ જાજમ ભેટ આપવામાં આવી.

● **ભુજ :** ધ્રુવમ પરેશ વૈશ્નવ એમ.બી.એ.ના ત્રીજાં સેમેસ્ટરમાં ૬૧% સાથે ઉત્તીર્ણ થયા.

● મલ્હાર દર્શકભાઈ બુચ સ્પે. એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં ચાર પેઢીના વકીલાતનો વ્યવસાયમાં જોડાયા. તેમનાં દાદી સ્વ. મૃદુલાબેન બુચ પણ એડવોકેટ હતાં.

● શ્રી વડનગરા નાગર મહિલામંડળની વર્ષ ૨૦૧૨-૧૩ ની કારોબારી સમિતિની નવરચનામાં પ્રમુખ તરીકે બંસરીબેન ધોળકિયા, ઉપપ્રમુખ -સ્મિતાબેન વૈષ્ણવ, મંત્રી - તૃષાબેન વૈદ્ય, સહમંત્રી - હર્ષાબેન પરેશ વૈષ્ણવ ,ખજાનચી શ્રીમતી જીજ્ઞાબેન ડી. અંજારીયા તથા ૧૧ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી.

● હાટકેશ મંદિરના સંકુલમાં અંબાજી મંદિરમાં શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા ચૈત્રી નવરાત્રી ઘટ સ્થાપન કરવામાં આવેલ. પૂજન,આરતી, સમૂહ શક્રાદયસ્તુતિ નોમના હવનનો જ્ઞાતિજનોએ લાભ લીધેલ. શ્રી જીતુભાઈ વોરાએ ધાર્મિક વિધિ કરાવી હતી.

● શ્રી હાટકેશ સેવા મંડળના ઉપક્રમે પાટોત્સવની પૂર્વસંધ્યાએ 'બેટી બચાવ' અંતર્ગત દસ વર્ષથી ઉપરની એક પુત્રીના માતાપિતાનું સન્માન કરવામાં આવ્યું. જેમાં આવાં ૩૫ દંપતીઓનો સમાવેશ થતો હતો આ કાર્યક્રમનું સંચાલન શ્રી વિભાકર અંતાણીએ કર્યુ હતું.

● શ્રી હાટકેશ સેવા મંડળ દ્વારા ૪૦ વર્ષથી હાટકેશ પાટોત્સવ ભોજનમાં તથા વિશેષ લાડુ મોહનથાળ

કોઠારનું અવિરત સંચાલન કરતા આજના વડીલો સર્વશ્રી હરિભાઈ અંતાણી,શિશિરભાઈ વોરા, ભાસ્કરરાય ધોળકિયા, નરેશ પાઠક, જસ્મીન વૈદ્ય,ચંદ્રવદન ધોળકિયાનું શ્રી પરિમલ ધોળકિયાના હસ્તે શાલ ઓઢાડી શોભાયાત્રા–રવાડી વચ્ચે સ્તુત્ય સન્માન કરવામાં આવ્યું.

● **રાજકોટ :** અત્રેના એડવોકેટ ધીરેન્દ્ર બી. વસાવડાનાં પુત્રી કુ. જન્મા વસાવડાએ ધો. ૧૨ના અભ્યાસ સાથે કથ્થક નૃત્યની સાતમા વર્ષની પરીક્ષામાં ૭૫% સાથે ઉત્તીર્ણ થઈ નૃત્ય વિશારદની પદવી મેળવી.

● અત્રેના હરેશ જે. દેસાઈ અને દર્શના એચ. દેસાઈ અમૃતસર, ડેલહાઉસી, મનાલીના પ્રવાસે જઈ આવ્યા.

● ઈ ટી વી ગુજરાતી અંતર્ગત શ્રેણી " ફ્લેવર્સ ઓફ ગુજરાત" માં રાજકોટનાં શ્રીમતિ નંદીની રાજીવ વૈષ્ણવ અને શ્રીમતિ રેશ્મા જયેશકુમાર ધોળકિયાએ ભાગ લીધો જેનું પ્રસારણ તા. ૩૦–૪–૨૦૧૨ ના રોજ સાંજે ૬:૩૦ થી ૭ અને તા ૧/૫ના રોજ બપોરે ૩ થી ૩:૩૦ દરમિયાન પુનઃ પ્રસારણ થશે.

● નિસર્ગ કિરણકુમાર વસાવડા બી.ઈ. (ઇલે.) સેમેસ્ટર–૫માં ૭૫% સાથે ઉત્તીર્ણ થયા.

● શ્રી મૃગેન્દ્રભાઈ ઝવેરીલાલ વસાવડા તથા શ્રીમતી સુકન્યાબેન વસાવડાએ તેમના દાદા પરિવારનો કુટુંબ મેળો નવતર રીતે યોજયો. અત્રેથી સ્પે. બસ દ્વારા સૌ જુનાગઢ ગયા બાદ પ્રથમ પૂરાણ પ્રસિધ્ધ શ્રી માંગનાથ મહાદેવ મંદિરમાં લઘુરુદ્ર કરાવી મિષ્ટભોજન લઈ કુળદેવી વાઘેશ્વરી માતાજીના દર્શનાર્થે ગયાં ત્યાં ચુંદડી ચડાવી, ગરબાની રમઝટ બોલોવી. રાત્રિ રોકાણ પ્રેરણાધામ ખાતે કરી વસાવડા–વૈષ્ણવ પરિવારજનોએ ગામઠી ભોજન લીધાં..આમ બે દિવસ પ્રવાસ સાથે હળવા મળવાનો આનંદ માણ્યો હતો.

● દીપશીખા વૃંદની મીંટીંગ શ્રીમતી હીતેક્ષા કિરણ બુચના નિવાસસ્થાને થોજાઈ ગઈ, જેમાં શિવસ્તોત્ર સ્પર્ધા રાખવામાં આવેલ. ૨૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ નાગરી સંસ્કારની ઝલક આપી. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છૂટાં પડેલ.

● અત્રેના શ્રી મનહરભાઈ વૈષ્ણવે ૭૫ વર્ષ પૂર્ણ કરતાં અગ્રણી જ્ઞાતિજનો અને સગાસંબંધીઓની ઉપસ્થિતિમાં શ્રી સત્યનારાયણની કથાના આયોજન સાથે સાદગીપૂર્વક અમૃત મહોત્સવની ઉજવણી કરી ઉપરાંત તેઓ દ્વારા સ્થાપિત "મનન ફાઉન્ડેશન" ટ્રસ્ટ દ્વારા શ્રી ભુવનેશ્વરી ઔષધાલયના સહયોગથી નિઃશુલ્ક આર્યુવેદીક નિદાન કેમ્પ તથા ઔષધ વિતરણનું પરોપકારી કાર્ય પણ કર્યું. (તેઓ અચ્છા લેખક–કવિ પણ છે...બરછીના પણ કવિ–લેખક તરીકે 'બરછી પરિવાર' 'શતં જીવઃ શરદ' પ્રાર્થે છે.)

● અત્રેના ચિરાગ દિલીપભાઈ માંકડે પૂજા માટે કે ભેટ આપવા લાયક નરસિંહ મહેતાના પંચધાતુના સિકકાનું વેચાણ શરૂ કરેલ છે. મૂલ્ય રૂા. ૧૨૫/-. મેળવવા સંપર્ક : ૯૪૨૮૦૫૦૯૪૨

● ક્રિએટીવ વર્ક તથા શુભપ્રસંગે રંગોળી,ઢાળોટા,ગણેશની વગેરે સુશોભન કરવા સંપર્ક કરો જલ્પા હાથી– ૯૯૯૮૯૭૧૮૨૧, હિરવા વોરા– ૮૧૨૮૭૭૨૧૧૨

● અત્રેના શ્રી હરસુખરાય (હટુભાઈ) ધોળકિયાના નિવાસસ્થાન( 'હરિ ઓમ', ૩/૭ નીલકંઠનગર, યુનિ. રોડ) ખાતે તા. ૧૩/૫ થી ૧૫/૫ સુધી જાગ સ્થાપન કરવામાં આવનાર છે. દર્શન, આરતી, ગરબાનો લાભ લેવા આમંત્રણ છે.

● અત્રેની નાગર બોર્ડિંગ ખાતે જ્ઞાતિજનોના લાભાર્થે તા. ૩૦/૩ થી ૬/૪ દરમિયાન શ્રી શિવકૃપાનંદ સ્વામીની ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. સ્વામીજી દ્વારા શરીરના સાત ચક્રોની સમજ અને દરેકનો ફાયદો મેળવવા માટે ધ્યાનની સમજ સાથેના પ્રવચન, વીડીયો –પ્રોજેકટર ઉપર દર્શાવવામાં આવેલ. આઠ દિવસની આ શિબિરના સમગ્ર સંચાલનની જવાબદારી શ્રીમતી મયૂરીબેન રાસબિહારીભાઈ

વૈષ્ણવ તથા શ્રીમતી દીપ્તીબેન મહેતાએ સંભાળી હતી.

- **જૂનાગઢ :** સ્વ. રૂદ્રલાલ જીવાભાઈ વૈષ્ણવ પરિવારનો કુટુંબમેળો તા. ૨૬-૧ થી તા ૨૮-૧ દરમિયાન આયોજેલ જેમાં ૮૬ વર્ષના મુ. ચંદ્રમુખરાય ગુણવંતરાય ઘોડા સમેત ૪૦ જેટલા સભ્યોએ સાથે મળી વિવિધ રીતે આનંદ કર્યો. જેમાં તાજેતરમાં આર્યુવેદીક હોસ્પિટલમાંથી નિવૃત થયેલ ડો. નલિનીબેન એલ. વસાવડા તેમજ ડી.વાય.એસ.પી.( ગાંધીનગર) તરીકે બઢતી મેળવનાર શ્રી ગિરીશચંદ્ર એચ. વસાવડાનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતું.
- શ્રી મિતેશ વસાવડા અને ડો. અભિલાષ વસાવડાના સહઆયોજનથી જૂના સદાબહાર ગીતોનો એક કાર્યક્રમ IMA હોલમાં યોજાય ગયો. અન્ય કલાકારોમાં સર્વશ્રી ગૌરાંગ ઓઝા, સંજીવ વોરા, કુમારભાઈ જોષીપુરા, શ્રીમતી રન્ના વ્હોરા- દક્ષાબેન દેસાઈ, કુ. નિરાલી નાણાવટી-સ્તુતિ વોરા હતા. રસાળ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન શ્રી મયુર દેસાઈએ કર્યું હતું. આ અવિસ્મરણીય ગીતોને કલાકારોએ મધૂર કંઠે રજૂ કરી ૩૫૦ જેટલા ઉપસ્થિત શ્રોતાઓની દાદ મેળવી હતી.
- **ભાવનગર :** ૧૯૬૨માં દર સોમવારના રોજ છ બહેનો મળતાં અને એક બીજાને સમાચારોની આપલે, ચર્ચા કરે જેમાંથી 'સોમસભા' નામના વૃંદનો ઉદ્ભવ થયો.જેને આજ કાલ કરતાં ૫૦ વર્ષ થઈ ગયાં. આ વૃંદમાં આજે સંકળાયેલાં બહેનોએ સૂવર્ણ જયંતિ ઉજવવાનું નકકી કરતાં તા. ૨૪/૩ના ગામ બહારગામના બહેનો પરિવારના સભ્યો આવી ગયા. ચૈત્રી નવરાત્રિ નિમિત્તે હરીનાગર નિવાસ ખાતે રાત્રે ગરબા ગાયા, તા. ૨૫/૩ના રોજ ગાયત્રી યજ્ઞ બાદ ૫૧ દીપ પ્રગટાવી,કેક કાપ્યા બાદ જૂના સંસ્મરણો વાગોળી, સ્મૃતિ ભેટ વિતરણ કરવામાં આવેલ. અંતમાં મિષ્ઠ ભોજન લીધાં...આજે હવે સભ્ય બહેનો વર્ષમાં બે ત્રણ વાર પરિવાર સાથે પ્રવાસ અને પ્રસંગોમાં મળે છે. આ પ્રસંગમાં મુ. રસીલાબેન વસાવડા, ગીનીબેન વૈદ્ય, પ્રજ્ઞાબેન મહેતા, પ્રમિલાબેન જીકાર ૮૫ વર્ષની જૈફ વયે હાજરી આપી હતી.
- **વડોદરા :** જલદિપ મયુરકુમાર દેસાઈ ટેકનોમાઉન્ટ આઈસીબી કંપનીમાં કન્સ. આસીસ્ટંટ તરીકે નાંગલ (પંજાબ) ખાતે જોડાયા.
- **ગાંધીનગર :** મીત દિપક દેસાઈ સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.
- **મુંબઈ :** ફાયનાન્સીયલ ટેકનોલોજી લિમિટેડમાં યોજાયેલ મહિલા દિન અંતર્ગત સ્પર્ધામાં શ્રીમતી પ્રિયંકા ઉર્વિશ આચાર્યએ પ્રથમ સ્થાન મેળવી 'ધ કમ્પલિટ વુમન'ના ખિતાબ (એવોર્ડ) સહિત અનેક ઈનામ મેળવ્યાં હતાં.
- **સિહોર :** દેવાંશુ દેસાઈને સાયકોલોજીની નેશનલ કોન્ફરન્સમાં ભાગ લેવા પૂના જઈ આવ્યા.
- શ્રીમતી અર્ચના દેસાઈ મહિલા મંડળના ખજાનચી પદે પુનઃ નિયુકત થયાં.
- **વાસાવડ :** પ્રતિ વર્ષ મુજબ તા ૩૧-૩ ચૈત્રી આઠમના રોજ વાસાવડ ખાતેના વાઘેશ્વરી માતાના સ્થાનક ખાતે હવનનું આયોજન થઈ ગયું. રાજકોટ, જુનાગઢ, અમદાવાદ, વડોદરા, ગાંધીનગરના વસાવડા કુટુંબો ઉપરાંત શ્રધ્ધાળુ જ્ઞાતિબંધુઓએ હવન દર્શનનો લાભ લીધો. ફરાળ તથા ભોજનની આયોજન વ્યવસ્થા શ્રી પ્રવીણભાઈ વસાવડા,જયેશ વસાવડા,વીતેશ વસાવડાના નેજા હેઠળ થયેલ. સુશોભન લાઈટીંગની જવાબદારી કૌશલ વસાવડાએ સંભાળેલ.

(**શરતચૂક :** ગતાંકમાં પાના નં. ૪ ઉપર સુરતના શ્રી ભવજીતભાઇ જીકારને બઢતીના સમાચારમાં તેઓ સ્વ. બકુલાબેનના જમાઈ થાય તેમ છપાયેલ...બકુલાબેન હયાત છે. ક્ષમાપના સાથે તેઓનું દીર્ઘાયુષ્ય પ્રાર્થીએ છીએ.-તંત્રી.)

# –:–:– લગ્ન વિષયક જાહેરાત –:–:–

(૧) બી.કોમ., ડીસીએસ. જ. ૪/૧૯૮૧, ૫'.૫'' ઉં.ની ઔક્ષણસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧–
(૨) બી.કોમ.,કોમ્પ્યુ. કોર્ષ, જ. ૧/૧૯૯૮, ૫'.૭'' ઉંચાઈના ઔક્ષણસ ગોત્રના સીએમએસ. ઈન્ફોસીસ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. ૦૭૯–
(૩) એમ.બી.એ.(ફાય.) જ. ૩/૧૯૮૭, ૫'.૧૦'' ઉંચાઈના કોર્પોરેશન બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–
(૪) એમ.બી.એ., જ. ૨ /૧૯૮૬, (ગતાંકમાં જ. ૨/ ૧૯૯૬ છપાયેલ) ૫'.૭'' ઉંચાઈના આઈસી આઈસીઆઈ બેંક અમદાવાદ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–
(૫) એસ.એસ.સી., ડીઓબી જ. ૪/૧૯૭૬, ૫'.૩'' ઉંચાઈના પ્રા. કેબલ નેટવર્કમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮–
(૬) બી. કોમ., એમ.બી.એ., જ. ૧૧/૧૯૮૩, સેમી ગવર્નમેન્ટ ઓર્ગે.માં નોકરી કરતા ગાંગ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–
(૭) ડી. ફાર્મ, બી.કોમ., એમબીએ. (ચાલુ) જ. ૧/૧૯૮૩, ઉંચાઈ ૫'.૯'', ફાર્મા. કંપનીમાં એરીયા મેનેજર તરીકે ભાવનગર ખાતે નોકરી કરતા (સાદો મંગળ) ગાંગ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮–
(૮) બી.બી.એ.,એમબીએ., જ. ૯/૧૯૮૫, ઉંચાઈ ૫'.૬'' પાન્યાનસ ગોત્રના, થોમસ કૂક કંપનીમાં વડોદરા ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮–
(૯) બી.કોમ, જ. ૪/૧૯૮૨, ઉંચાઈ ૫'.૧૦'' એમએનસી કંપનીમાં નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના દિલ્હી સ્થિત યુવકને કન્યા. સંપર્ક : મો.

## સગપણ–સગાઈ :

⌖ સુરત સ્થિત ચિન્મય જ્યોતિષચંદ્ર અંતાણીનું સગપણ વડોદરા સ્થિત પ્રતિતી જયંતભાઈ દિવાન સાથે.
⌖ પોરબંદર સ્થિત કવિત સુરેશભાઈ વૈશ્નવનું સગપણ ભુજ સ્થિત મુરલી જયદ્રથભાઈ અંતાણી સાથે.
⌖ અંધેરી સ્થિત કરીશ્મા ચેતન ઓઝાનું સગપણ બોરીવલી સ્થિત મન્થન કમલેશ વોરા સાથે.
⌖ જામનગરના કિરિટભાઈ બુચનાં પુત્રી ઝંખનાનું સગપણ રાજકોટ સ્થિત મયંકભાઈ માંકડના પુત્ર પ્રિયાંક સાથે. ⌖ મહુવાનના ઋત્વા મયુરભાઈ દેસાઈનું સગપણ રાજકોટના રિધમ ભૂપેન્દ્રભાઈ વૈદ્ય સાથે. ⌖ રાજકોટના રક્ષિત મૌલેશ–ગજેન્દ્રભાઈ– બક્ષીનું સગપણ ગોંડલ સ્થિત શ્રુતિ અશ્વિનભાઈ અધ્વર્યુ સાથે. ⌖ જૂનાગઢના વિજય શરદચંદ્ર જીકારના પુત્ર મૌલિકનું સગપણ ભાવનગર સ્થિત દિવાકર ભાઈ સનાતનભાઈ મહેતાનાં પુત્રી હેતલ સાથે.

(છેલ્લી બં સગાઈ 'બરછી'ના માધ્યમથી થઈ તેની અને જાણ કરી તે બદલ પણ ખુશી.ધન્યવાદ.)

## પ્રભુતામાં પગલાં :

– વેરાવળનાં સલોની નિશેન્દુભાઈ વૈદ્યનાં લગ્ન વડોદરા સ્થિત નમન નયનભાઈ બુચ સાથે.
– વાપી સ્થિત સૌ. રેખા–ઉદય છાંયાનાં પુત્રી કોમલના લગ્ન અમદાવાદ નિવાસી સૌ. દિપ્તી–ઉદય વસાવડાના પુત્ર કેયૂર સાથે.

## નિતેષ નાણાવટી સી.એસ. થયા



વેરાવળ સ્થિત નિતેષ શિરીષચંદ્ર નાણાવટી મે-૧૧માં સી.એ. થયા બાદ ડીસેમ્બર-૧૧માં લેવાયેલ સી. એસ. (ફાઈનલ) પરીક્ષામાં ૫૮% સાથે સમગ્ર ભારતમાં ૨૮મા ક્રમાંક અને ગુજરાતમાં બીજો ક્રમાંક મેળવી ઉત્તીર્ણ થઈ જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેજસ્વી તારકને અભિનંદન સહ શુભકામના.

## કુ. સ્પૃહા ધોળકિયા ડોક્ટર થયાં



મૂળ ભુજના રાજકોટ સ્થિત કશ્યપ ચંદુલાલ ધોળકિયા અને શ્રીમતી ઉમા કશ્યપ ધોળકિયાનાં પુત્રી કુ. સ્પૃહા ધોળકિયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.બી.બી.એસ. ની પરીક્ષામાં ૬૬% સાથે ઉત્તીર્ણ થઈ ડોક્ટરની પદવી મેળવી. અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દીની શુભકામના.

## હર્ષલ વસાવડા સી. એ. થયા



મુંબઈ સ્થિત શ્રીમતી હર્ષિદા તથા શ્રી વિદ્યુત વસાવડાના પુત્ર હર્ષલ (તે સ્વ. મનોરમાબેન રસિકલાલ વસાવડાના પૌત્ર તથા ભુજનાં શ્રીમતિ રૂક્ષ્મણીબેન રૂદ્રપ્રસાદભાઈ અંતાણીના દોહિત્ર) નવેમ્બર-૧૧માં લેવાયેલ સી.એ. (ફાઈનલ) પરીક્ષામાં ઉતીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા અને વડોદરા ખાતે કોટક મહેન્દ્રા બેંકમાં ક્રેડીટ મેનેજર તરીકે નિમણુંક મેળવી. અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા.

## અદ્‌ભુત માનવ શરીર

માનવ શરીર મશીનથી પણ કંઈક વિશેષ છે. પંચમહાભુતોથી બનેલ આ શરીર એમતો પંચ મહાભુતમાં જ લીન થાય છે . મેગા મેટ્રોપોલીટન સીટી કહો કે લાર્જ ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષ ગણો કે હરતું ફરતું મશીન જે ગણો તે માનવ શરીરને કોઈ સમજી શક્યું નથી કે સમજી શકશે પણ નહીં. માટેજ આયુર્વેદ કહે છે કે ગુમાવેલા મિત્ર,પત્ની,જમીન, કે ધન પણ મળી શકે છે. પરંતુ મહામુલો આ દેહ ફરીથી મળી શકતો નથી...

આ અણમોલ શરીરમાં બાર ડઝન પાવર સ્ટેશન, ટ્રાન્સપોર્ટ સીસ્ટમ, સોફેસ્ટીકેટેડ કોમ્યુનીકેશન સીસ્ટમ, સુપર કન્ટ્રોલ સિસ્ટમ , કાચો માલ લાવવો રસાયણો બનાવવા તથા કચરાનો નિકાલ , આ બધી વ્યવસ્થા અદભુત રીતે કામ કરે છે....શરીરની આ દૈનિક રચનામાં ખાંડ-૨૦ કપ ચા થાય એટલી, કેલેશિયમ(ચુનો)-૩ હાથ લાંબી દીવાલ રંગાય એટલો, આયર્ન(લોહ)- ૧ ઈંચ લાંબી ખીલી જેટલું, મેગ્નેશીયમ-૬ નાના ચિત્રો રંગાય એટલું, પોટેશિયમ- રમકડાની બંધુકના ફટાકડા બનાવાય એટલું, ફોસ્ફરસ-૨૦ માચીસ બોકસ બને એટલું, ફેટ(ચરબી)- એક ડઝન સાબુ બને એટલું, પાણી- બે માસના બાળકને નવડાવી શકાય એટલું હોય છે.

આ શરીરમાં એક બાયોલોજિકલ કલોક ગોઠવેલ છે. જે નિરંતર કાર્ય કરે જ જાય છે. ધર્મ,અર્થ,કામ અને મોક્ષ,આ ચાર પુરૂષાર્થો સિધ્ધ કરવા માટે સારૂં શરીર તથા સ્વાસ્થ્ય હોવું જરૂરી છે. શરીર આવા કાર્યો કરવા ઉત્તમ માધ્યમ કે સાધન છે. માટે જ લાખ પ્રયત્નો કરીને પોતાના શરીરને સાચવો. દુર્લક્ષ ન સેવો.

- ડો. રાજેન્દ્ર હાથી (વડોદરા)

## ગાંધીનગરના સેવારત શ્રી અરૂણ બુચના અમૃત મહોત્સવની ઊજવણી

ગાંધીનગરનાં પીઢનગર સેવક,શહેર વસાહત મહામંડળના પ્રમુખ અને અરૂણોદય સેવાટ્રસ્ટના અધ્યક્ષ એવા શ્રી અરૂણભાઈ બુચના ૭૫ વર્ષ પૂર્ણ થવાના આરે અરૂણોદય સેવા ટ્રસ્ટ તથા મિત્રો દ્વારા સમાજને અમૃત મહોત્સવની ઉજવણીમાં નવી દિશા સાથે અનોખી ઉજવણી થઈ રહી છે.

શ્રી અરૂણ બુચના ૭૫ વર્ષના આઠ દાયકાના આઠ સેવાકીય કાર્યોનો આરંભ પણ ગુજરાતના વિવિધ ક્ષેત્રોનો સેવાભાવી વ્યકિત વિશેષો જેમાં શ્રી એચ એલ ત્રિવેદી, ઘેલુભાઈ નાયક, ડો. સુરેશ સોની પર્યાવરણવિદ મહેશ પંડયા, નંદલાલ દોશી, જીવદયા પ્રેમી પંકજ બુચ, શ્રી મહેન્દ્ર શ્રીમાળી, લતાબેન ચોકસી દ્વારા દીપપ્રાગટય કરી. જેમને ૭૫ વર્ષ થાય છે તેવા નગરના વડીલનું શાલ ઓઢાડી સન્માન પર્યાવરણ જાગૃતિ માટે ઈકોફ્રેન્ડલી બેગ વિતરણ. 'નો ફલાવર, નો ગીફટ' ની વિનંતી સાથે સારા કામના સાથીદાર થવા'સંકલ્પદક્ષીણા' ફોર્મ ભરી આપવાની વિનંતી સાથે નગરજનો, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, તથા બુચ-દેસાઈ પરિવારના સભ્યો સહીત આશરે પાંચ હજાર સંકલ્પદક્ષીણા પ્રાપ્ત કરી, અરૂણભાઈનું દીર્ઘાયુ પ્રાર્થી નશાબંધી ગ્રામ સફાઈ, ૭૫ થી ૭૫૦ વ્યકિતઓ દ્વારા રકતદાનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સુવિખ્યાત ભાગવદ્ કથાકાર જાણીતા કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)દ્વારા આ પ્રસંગે ઉદારતા બતાવી આજના યુવાનોને "વિચારથી આચાર સુધી" કથાવસ્તુ પર સતત ત્રણ દિવસ સુધી કુદરતી વાતાવરણમાં વનચેતના ખાતે દસ હજારથી વધુ વિદ્યાર્થીઓ,શિક્ષકોઅને અસંખ્ય નાગરીકોને વિચારશુધ્ધિ દ્વારા આચારશુધ્ધિ લાવવાનો માર્ગ ચીંધ્યો હતો. અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વિવેકાનંદજીની દોઢસોમી જન્મજયંતી નિમિતે પ્રત્યેક વિદ્યાર્થીને તથા ઉપસ્થિત સૌને સ્વામી વિવેકાકનંદનું 'જીવન અને સંદેશ' પુસ્તક ભેટ આપી યુવાશકિતને વિચારશુધ્ધિનું ભાથું અને પ્રસાદી સાથે આપેલ...તો ખુલ્લામાં પડી રહેલ શ્રમિકોને ગરમવસ્ત્ર,ધાબળા અર્પણ કરી માર્ગસલામતીમાં રાહદારી અને વાહનચાલકોને માર્ગદર્શન આપતું સાહિત્ય પૂ.ભાઈશ્રીના વરદ હસ્તે શહેર વસાહત મહામંડળ દ્વારા વિતરણ કરી આ અમૃત મહોત્સવના પંચમ તબકકામાં સમાજ ઉપયોગી અનેક પ્રવૃતિઓ હાથ ધરેલ.

દરેક પક્ષના પ્રધાનોના તેઓ પી.એ. રહી ચૂકયા છે જે એક અનોખો વિક્રમ હોવાથી લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ તેની નોંધ લેવામાં આવેલ છે તેવા શ્રી અરૂણભાઈના નવતર સામાજિક કાર્યો દ્વારા સંબંધિત સૌના જીવનમાં સુખ અને આનંદનો અરૂણોદય થાય તેવી શુભેચ્છા સાથે સ્વસ્થ દિર્ઘાયુ પ્રાર્થીએ.

## શ્રી મૃગેન મહેતા લિખીત પર્યાવરણ સુરક્ષા વિષયક પુસ્તક

પર્યાવરણ સુરક્ષા અને સંતુલન માટે લોક જાગૃતિ આજની તાતી જરૂરીયાત છે ત્યારે વડોદરા સ્થિત નિવૃત્ત ઈજનેર અને રમત ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શ્રી મૃગેન મહેતાએ ગ્લોબલ વોર્મિંગના વિવિધ મુદ્દાઓ અને પાસાંઓને આવરી લેતાં 'ગ્રીન થિન્કીંગ ગ્રીન બાયીંગ'નામક અંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરી 'હરિત વિચાર હરિત ખરીદી' નામે પ્રસિધ્ધ કર્યું. તેઓએ પર્યાવરણ સંબંધી દરેક મુદાઓની ગુજરાતીમાં વિસ્તૃત છણાવટ કરી છે. જે પુસ્તકનું તાજેતરમાં રાજ્ય કક્ષાના એક ટેકનિકલ સેમિનારમાં વિમોચન કરવામાં આવ્યું. શ્રી મૃગેન મહેતાએ ઘણી ટેકનીકલ રેફરન્સ બુકસનું એડીટીંગ કરેલ છે અને આજે પણ કરી રહયા છે ત્યારે ગ્લોબલ વોર્મિંગ સંબંધી અનુવાદિત પુસ્તકની માહિતી સૌને ઉપયોગી નીવડશે.

# શ્રી સમસ્ત વિદ્યોત્તેજક મંડળ, જૂનાગઢ

તાજેતરમાં જૂનાગઢની આ સંસ્થાના ઉપક્રમે કેટલાક સાહિત્ય સાથે સંકળાયેલા, તો કેટલાક અન્ય વ્યવસાય સાથે સંકળાયા છતાં ઉત્તમ સાહિત્યનું સર્જન કરતા જ્ઞાતિના પ્રતિષ્ઠિત સાહિત્ય રત્નો જેવા કે જૂનાગઢના એડવોકેટ શ્રી પ્રફુલભાઈ નાણાવટી, જાણીતા રેડિયોલોજીસ્ટ કવિ શ્રી ઉર્વિશભાઈ વસાવડા, નિવૃત્ત પ્રાધ્યાપક ડો. અશ્વિનભાઈ વસાવડા, સુરત સ્થિત નિવૃત્ત પ્રાધ્યાપક ડો. બિપીનભાઈ કીકાણી, જેતપુર સ્થિત ડો. જયદીપભાઈ નાણાવટી, રાજકોટ સ્થિત નિવૃત્ત શિક્ષક, હાસ્ય સાહિત્યકાર અને કટાર લેખક શ્રી પ્રદ્યુમ્નભાઈ જોષીપુરા, લયબધ્ધ છંદોના જ્ઞાતા અમદાવાદ સ્થિત શ્રી આશ્લેષભાઈ ત્રિવેદી, વિજ્ઞાન સંશોધન ક્ષેત્રે વિશાળ ફલક ઉપર લેખનમાં કાર્યરત જૂનાગઢના શ્રી વિરલ વસાવડાને સન્માનિત કરવાનો એક સમારંભ યોજાય ગયો. ઉપરોકત સાહિત્યકારોનું સમાજમાં આદરપાત્ર અતિથિ વિશેષોના હસ્તે સન્માપત્ર તથા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભનું અધ્યક્ષ સ્થાન સંસ્થાના પ્રમુખશ્રી ડો. મહેન્દ્રભાઈ નાણાવટીએ શોભાવેલ.જ્યારે અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શ્રી શ્રીકાંત જોષીપુરા, ડો. પૂર્ણેન્દુભાઈ બુચ, ડો. બકુલભાઈ બુચ, શ્રી હરીશભાઈ દેસાઈ, ડો. અભિલાષભાઈ વસાવડા તથા શ્રી હેમંતભાઈ નાણાવટીએ શોભાવ્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મધુભાઈ વસાવડાએ સર્વ ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું. સંસ્થાના મંત્રીશ્રી મધુભાઈ કિકાણીએ સંસ્થાની પ્રગતિની ઝલક આપી તમામ સાહિત્યકારોનો સંપૂર્ણ પરિચય આપ્યો હતો. ત્યાર બાદ દરેક સાહિત્યકારોએ તેમના વિરાટ ઉદધિમાંથી શ્રેષ્ઠ રચનાનું આચમન કરાવતાં તમામ ઉપસ્થિતોએ રસપૂર્વક તેનો આસ્વાદ માણ્યો હતો. જાણીતા ઉદઘોષક શ્રી સંજીવ મહેતાએ તેમની રોચક અને રસાળ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સંસ્થાના સહમંત્રી શ્રી વિમલભાઈ વોરાએ આભાર વિધિ સંપન્ન કરી હતી. શ્રી હાટકેશ સંસ્થાના પ્રમુખ શ્રી નિરજભાઈ વૈદ્યના સહયોગથી અને પ્રોજેકટ મંત્રી શ્રી કલ્પિત નાણાવટી તથા અનેક સહકાર્યકરોની જહેમતથી આ સુસંસ્કૃત કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

**સ્પષ્ટતા :** બરછીમાં પ્રસિધ્ધ થતા સમાચારો 'બહુજન હિતાય-બહુજન સુખાય'ના ઉદેશ સાથે છાપવામાં આવે છે...પરંતુ કયારેક નેક ઇરાદો છતાં ભૂલ થઇ જતી હોય છે... જે ગતાંકમાં થઈ...અમને ઇ-મેઇલથી પશ્ચિમ વિભાગ નાગર મંડળની બે પાનાની પાટોત્સવ અંગેની પત્રિકા મળી (શુભ હેતુથી ઇ-મેઈલથી સમચારો મોકલતા હોવાથી નામ જાહેર કરવું યોગ્ય જણાયેલ નથી) જ્ઞાતિ લાભાર્થે જગ્યાના અભાવે ટૂંક સાર લેવાના હેતુથી સંકલન કરતાં પાટોત્સવ ભોજન તો દર વર્ષ મુજબ સ્વૈચ્છિક અનુદાનથી જ રાખવામાં આવ્યું હતું. પરંતુ ભૂલથી 'ગેસ્ટ ચાર્જ' માટેના રૂા. ૧૦૦ ને બદલે પાટોત્સવ ભોજનના વ્યકિતદીઠ રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે તેમ છપાયું.. આ કારણથી પાટોત્સવ ભોજનમાં ઘણા ભાગ લેવા માંથી ચૂકી ગયા હોય, સંખ્યા ઘટી ગઈ હોય કે હોદેદારોને મનદુઃખ થયેલ હોય તો દરગુજર કરશો. આજે જ્ઞાતિ હિતાર્થની પ્રવૃતિઓ કરનાર સંસ્થાઓ અને તેના કાર્યકરો ધન્યવાદને પાત્ર અને મીઠી વિરડી સમાન છે...આજે સૂકાતી જતી આવી વિરડીઓ (હીતવર્ધકો)નું બરછી જતન કરી સિંચન કરવા માંગે છે. હા, હવેથી એટલો ફેરફાર કરીએ કે સંસ્થાના કોઈપણ સમાચાર સંસ્થાના હોદેદારો મારફત કે બરછીના પ્રતિનિધી મારફત લેખિતમાં આવશે તેને જ સ્થાન આપવાનું રાખીશું...-તંત્રી

**નોંધ :** કોઈપણ ક્ષેત્રમાં સફળતા/ સિદ્ધિપ્રાપ્ત જ્ઞાતિજનોના યોગ્યતા મુજબ તેમજ અનુસ્નાતક કક્ષાએ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના ફોટા સાથે સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવે છે...આ ફોટાના પ્રોસેસ ખર્ચના રૂા. ૫૦/- ફોટા સાથે જ મોકલવાના રહે છે.પ્રતિનિધીને ફોટા સાથે સમાચાર આપો તો તેની સાથે રૂા. ૫૦/- આપવના રહે છે. જ્ઞાતિજનો સીધા કુરિઅરથી પણ મોકલી શકે છે.. -તંત્રી.

## SLK Tours & Travels

**Romantic Himachal 11N / 12D**

Package price only Rs. 21000/ per person

Confirm Departure : 25th May

**Go...Go... GOA 3N / 4D**

Package price only Rs. 5200/- per person

Confirm Departure : 1st June

Chardham Yatra Rs. 28000/- per person

*Limited Seats Available....*

*So, book your trip now...Contact :*

*SLK Travels : 09699444771 / 09408784006 / 09323630701*

*Email : slktravelworld@gmail.com*

## ABM TRAVELS

**SUMAR DHAMAKA**

Singapore-Malaysia (6N/7D) Rs.59750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.79750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.69750 - All Inclusive.

**Honeymoon tours**

Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**

Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**

Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**

STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

## All Your Travel Needs Under One Roof

- Air Ticket Booking
- Travels Bus Ticket Booking
- DTH Recharge
- All Types of A.C. / Non A.C. Cars On Rental Basis
- Rail* Ticket Booking
- Hotel Booking
- Holiday Package

**Shree Hatkesh Travels**
7, Kailash Park, B/h.Natraj Nagar,University Road, Rajkot
Cell : 9825710296, 9429578295, 9825210278
shrihatkeshtravels@gmail.com

## You wish to have your own WEBSITE ?

**We are at your Service...**

*Satisfactory work with resonable cost is our assurance*

**Contact M. 97250 76121**



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd, Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩